વિવિધ એવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધી આપવા માટે થનાર ખર્ચ કરવા મંજૂરી આપવા બાબત. .

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૨૧/૪૮૨૨૯૮/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.03/08/2022

વંચાણે લીધા:

(૧)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક:SJED/CNI/e-file/17/2021/0001/B

(૨)નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૨/૦૪/૨૦૨૨ નો પત્ર ક્રમાંક : અજાક/છ-૨/૨૦૨૨/૨૮૨૫-૨૮૨૬

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૦૭/૦૪/૨૦૨૨ ના ઠરાવથી SCW-9 વિવિધ એવોર્ડ/સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કલા વગેરે કાર્યો માટે ડો.આંબેડકર ચેર, સંશોધન અને વિકાસ હેઠળ રૂા.૧૧૪.૦૦ લાખની ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૨/૦૪/૨૦૨૨ ના પત્રથી (૧) મહાત્મા ગાંધી એવોર્ડ (૨) ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ (3)સંત શ્રી કબીર સાહિત્ય એવોર્ડ (૪)સાવિત્રીબાઇ ફુલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ (૫)મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ (૬) દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ એમ કુલ છ એવોર્ડ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૨-૨૩ એમ કુલ છ વર્ષના એવોર્ડ આપવા માટેના ખર્ચની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે (૧)મહાત્મા ગાંધી એવોર્ડ(૨) ડો.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ(3) સંતશ્રી કબીર સાહિત્ય એવોર્ડ(૪)સાવિત્રીબાઇ ફુલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ(૫)મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ (૬)દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્યકૃતિ એવોર્ડ એમ કુલ છ એવોર્ડ નાણાંકીય વર્ષ૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધી આપવા માટે થનાર રૂા.૪૭.૦૦ લાખ ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષમાં

અંદાજપત્રમાં માંગણી ક્રમાંક ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૧ અનુસૂચિત જાતિનું કલ્યાણ, ગૌણ સદર : ૨૭૭ શિક્ષણ, પેટા સદર-(૨૪), SCW-9, વિવિધ એવોર્ડ/સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક કલા વગેરે કાર્યો માટે ડો.આંબેડકર ચેર, સંશોધન અને વિકાસ હેઠળ થયેલ જોગવાઈમાંથી જોગવાઈની મર્યાદામાં કરવા આથી ઠરાવવામાં આવે છે.

આ અંગે થનાર ખર્ચ પ્રવર્તમાન નિયમોનુસાર થાય તે નિયામકશ્રી (અ.જા.ક) એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૫/૦૭/૨૦૨૨ ની નાણાં વિભાગની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

JPVasava
( જે.પી.વસાવા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા) નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા) નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ના અંગત મદદનીશશ્રી,સામાજિક ન્યાય અનેઅધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી,અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ.